મારી બહેન ફાંગું જોતી. એનું નામ આમ જીવંતિકા હતું, પણ અમે લાડમાં એને 'બેબી' અથવા 'મોટી' કહેતાં. એ ફાંગું જોતી એટલે મારા નાના રણછોડલાલ મથુરદાસ કસ્બાતીને અમારા પરિવારવાળા 'બાડીબાપા' કહેતા – બાડીના બાપા.

તે આ રણછોડલાલ મથુરદાસ કસ્બાતી આમ તો અવ્વલ કારકુન હતા; પણ પરંપરાથી જમીનદાર અને ધોળકાના શેરમિયાંસાહેબના કોઈ પૂર્વજે આ કુટુંબને કસ્બાના અધિપતિ બનાવેલા એટલે કસ્બાતી કહેવાતા. એમને મારી મા શશીકાંતા ઉર્ફે બબુબા એકની એક દીકરી. મારા નાનાએ દીકરા માટે બીજાં લગ્ન પણ કરેલાં (આ છે મારા ઇર્શાદ થવાનું વારસાઈ કારણ!). એ માનું નામ મણિમા. મેં એમને બહુ વાર નહોતાં જોયાં – એ કોઈનાં પરણેતર હતાં ને મારા નાના એની સાથે પરણેલા.

મારા નાના વિશે અનેક કિંવદંતીઓ પ્રચલિત હતી – ખાસ કરીને મારા કુટુંબમાં. મારાં નાની જીજીબા ઉર્ફે ધનગૌરી અને મારી મા આ કિંવદંતીઓને ફેલાવવા ને જાળવવામાં મુખ્ય. મેં મારા નાનાને જોયા હતા; પણ મારી આંખો ત્યારે કૅમેરા જેવું કામ નહોતી આપતી. પણ મારા ઘરમાં આજેય મારા નાનાની તસવીર છે : એમાં વાંકી મૂછ, આંજેલી આંખો, કેશ ભરચક, સઘન ભમર અને મુસ્લિમો પહેરે એવી મોટી કાળી ટોપી – તસવીરમાં ઝભ્ભો દેખાય છે. મારી નાની કહે છે એમ એ છટાદાર રીતે ધોતિયું પહેરતા.

એમ કહેવાય છે કે મોંમાં ધોતિયાનો એક છેડો નાખતા અને ગુદા વાટે એ બહાર કાઢી, આંતરડાં સાફ કરતા. ગૂઢ વિદ્યાના ઉપાસક મણિલાલ નભુભાઈ આમ કરતા અને કહે છે કે કવિશ્રી રાજેન્દ્ર શાહ પણ આ વાતને પુષ્ટિ આપતા. મારા નાના ગૂઢ વિદ્યાના ઉપાસક હતા અને એટલે એ અંતિમ દિવસોમાં ધોળકા ગામની બહાર આવેલા નાગનાથ મંદિરના મેડે રહેલા. કહેવાય છે કે કોઈએ એમના પર મૂઠ મારેલી. મૂઠ એ પાછી નહીં વાળી શકેલા અને એથી એમનું અપમૃત્યુ થયેલું. એ મૃત્યુ પામ્યા ત્યારે લોહીની ઊલટી થયેલી.

આમ, અવગતે પામેલા નાનાનું શ્રાદ્ધ કરવાના પ્રયત્ન મારાં બા-બાપુજીએ જ્યારે જ્યારે કરેલા, એ નિષ્ફળ ગયેલાં. એક વાર સિદ્ધપુર ગયાં એ બે જણ અને એમની તબિયત એવી લથડી કે પાછાં આવ્યાં (કાગ બેસે ત્યારે ક્યારેક ડાળ ભાંગે). દરેક વાર આવું બન્યું કે ના બન્યું એ જોવાની આપણે ક્યાં જહેમત લઈએ? અને મેર મૂઓ કાગડો! શ્રાદ્ધની ખીરપૂરી ખાઈ ખાઈ એવો તે કેવો જાડોપાડો થઈ ગયો હશે કે એના ભારથી ડાળી લચકે! "એમને સદ્‌ગતિ નથી જોઈતી." એમ મારી મા કહેતાં કહેતાં મને ચીંધીને કહે : "આ શાહજાદામાં એમનું મન છે." નાનો હતો ત્યારે આનો અર્થ ભાગ્યે જ સમજતો; પણ સમજણો થયો (હી... હી... હી...) ત્યારે આખી વાતનું મૂળ પકડાયું.

વાત એમ કે વૌઠા પાસે 900 વીઘાં અને બે ગામડાં-કેસરડી વચ્ચે 700 વીઘાં જમીન મારા નાનાને વારસામાં મળેલી. ધોળકામાં 17-18 મકાન – પાંચાપોળમાં; એક મકાન અમદાવાદમાં

પાલડી ગામમાં – આટલી મોટી મિલકત અને એમને દીકરાની જ ખોટ. બીજી વારનાં લગ્નમાં પણ પરિણામ શૂન્ય. છેવટે મારી માના સંસારમાં એમણે મન વાળ્યું. મારી માને આમ તો કડી પરણાવેલી; પણ મારા બાપુજી B.L. (U.S.A.) થઈ વિજાપુરમાં વકીલાત કરતા. મારી માને લગ્ન પછી સારા દિવસો રહ્યા છે એવું મારા નાનાએ જાણ્યું એટલે...

સીમંતના વિધિ પછી તરત જ દીકરીને એમણે ધોળકા – પિયરમાં પહેલી પ્રસૂતિ માટે તેડાવી લીધી. પોતાની જાતદેખરેખ હેઠળ દીકરીની આ પ્રસૂતિ નિર્વિઘ્ન થાય એ માટે એમણે થાય તે તમામ સગવડો કરેલી. આમાં એક જ લોભ હતો કે મારી મા દીકરાને જન્મ આપે તો વારસદારનું મોં તરત જોવા મળે. પણ મારી માની કૂખે પહેલી દીકરી જન્મી. મારા બાપુજીએ એનું નામ જીવંતિકા પાડ્યું. જીવંતિકા તો મૂડીનું વ્યાજ એટલે કડક સ્વભાવના મારા નાના કડપ છોડી, વ્યાજને ખોળે બેસાડે, ખોળાને પેશાબે ભીંજાવા દે. મારા નાનાને જીવંતિકા બહુ વહાલી. એ ફાંગું જોતી એટલે તો ફાંગીના બાપા એવા મારા નાનાને બધાં બાડીબાપા કહેતાં.

નાનાને દૌહિત્રી વહાલી ખરી; પણ એમને અપેક્ષા તો દૌહિત્રની જ હતી. એવામાં બીજી વાર મારી માને સારા દિવસો રહ્યા. ફરી દીકરીને પિયર તેડાવી અને ફરી વાર પણ મારી માએ પૂરા દિવસે દીકરીને જ જન્મ આપ્યો. મારા બાપુજીએ આ બીજી દીકરીનું નામ દ્વારામતી પાડ્યું. (મને મારી બહેનોનાં નામની ભારે ઈર્ષ્યા આવે : પહેલીનું નામ જીવંતિકા; બીજીનું નામ દ્વારામતી અને ત્રીજીનું નામ અવંતિકા. અને કોણ જાણે કોઈ પૌરાણિક સંદર્ભ વગરનું મારું નામ ચિનુ પાડ્યું. શું જોઈને પાડ્યું હશે આવું નામ? હું ફારસીનો વિદ્યાર્થી એટલે 'ચિનુ' સંસ્કૃત શબ્દ છે એમ જાણ્યું એટલે એનો અર્થ જાણ્યો : જે એકઠું કરે છે તે. અમદાવાદમાં છેલ્લાં ૬૦ વર્ષથી રહેતા મને આ શહેરમાં ખાસ્સું ધન એકઠું કરેલું એવા બે શેઠનાં નામ ખબર છે : ચિનુભાઈ બૅરોનેટ અને બીજા ચિનુભાઈ શેઠ (મેયર). કદાચ ભવિષ્યમાં હું અમદાવાદ રહીશ એમ ધારીને મારું નામ ચિનુ રાખ્યું હશે? નમી દાનમ.)

મારા નાનાએ દ્વારામતી તરફ ખાસ કોઈ ઉમળકો ન દેખાડ્યો. ત્રીજી વાર જ્યારે મારી મા બેજીવ સહિતની છે એમ જાણ્યું ત્યારે મારા નાનાએ મારી નાની સાથે મૂળીબાને વિજાપુર મોકલ્યાં અને વિજાપુરમાં જ ત્રીજી ડિલિવરી થવા દીધી. ટુચકો ફળ્યો અને હું જન્મ્યો અર્થાત્ બાડીબાપાને જોઈતો હતો એવો વારસદાર જન્મ્યો. તરત એમણે મારા નામની વસિયત કરી, મારા બાપુજીને હું પુખ્ત ના થાઉં ત્યાં સુધી કુલમુખત્યાર બનાવ્યા અને વારસદાર માટે બેફિકર થઈ ગયા.

પણ એમની હયાતીમાં જ મારાં કેટલાંક સ્વાર્થી સગાંઓએ મારા પર કામણટૂમણ કરી મારી નાંખવાનું પણ કાવતરું ઘડેલું અને એ નિમિત્તે મને પેટ પર ડામ પણ ચાંપવામાં આવેલો. હજી મારા પેટ પર એ ડામના ડાઘ છે. (એ પછી તો અનેક વાર મને ડામ દેવાયા છે એ કોણ નથી જાણતું? અને એ સૌના ડાઘ મારી ગઝલોના શરીરે દેખાય જ છે.)

તો, મારા નાનાનું મારામાં બહુ મન અને મને દેવાયેલા ડામથી જેટલા ક્રોધિત એટલા જ ચિંતિત અને એવામાં એમનું અપમૃત્યુ થયું. એટલે મારી જીજીબા, મારી મા, મારી પત્ની હંસા અને હવે મારી પુત્રવધૂ શિલ્પા પણ એમ માને છે કે નાના અવગતિયા રહ્યા છે અને એટલે એમની પાછળ પ્રતિવર્ષ ૧૧ બ્રાહ્મણ જમાડવાનો વિધિ રાખવામાં આવે છે. ઈશ્વરમાં સદંતર નહીં

માનતો એવો હું બ્રાહ્મણ કવિઓને આ નિમિત્તે ભોજન માટે નોતરવા મારી પુત્રવધૂને સમજાવી શક્યો છું. આ અપરાધભાવમાંથી આયોજન થયું છે, એ હું જાણું છું. જો કે આ વખતે અનિલ ચાવડાને પણ આ નિમિત્તે જમવા બોલાવી, દક્ષિણા મારી પુત્રવધૂએ આપેલી.

મારા નાનાની સદ્ગતિ થશે કે નહીં એ વિશે કોઈ પ્રશ્ન પણ કરવાનો અધિકાર એમણે આપ્યો નથી, એવું એક પ્રસંગને આધારે કહું છું. વાત એમ કે, મારો એક વાર્તાકાર મિત્ર અને મારી પત્ની સાથે કડીમાં ભણેલો એવો મહેશ દવે ('વહેતું આકાશ'નો વાર્તાકાર) મારા ઘરે આવેલો. સાંજનો સમય હતો અને એમાં કોણ જાણે હંસાને શું સૂઝ્યું તે એણે મહેશ દવેને પૂછ્યું : "અમારા પૂર્વજની સદ્ગતિ માટે શું કરવું રહ્યું?"

અને મહેશ કશું બોલે એ પહેલાં એને થયું : કોઈ એના ગળાને બેય હાથે ભીંસી રહ્યું છે. એના ચહેરે પ્રસ્વેદ વળેલો હતો. એણે મને કહ્યું : "આપણે હાલ ને હાલ આ જગાથી બહાર નીકળીએ." મને કંઈ સમજાતું નહોતું. અમે સંસ્કારકેન્દ્ર, પાલડીની સામેના મૈસૂર કાફેમાં બેઠા પછી થોડી વારે મહેશ કહે : "હંસાબહેનના પ્રશ્નનો જવાબ આપવા જતો હતો ને ત્યાં જ મેં વાંકી મૂછ, આંજેલી આંખો, કેશ ભરચક, સઘન ભમર અને મુસ્લિમો પહેરે એવી મોટી કાળી ટોપી પહેરેલા આધેડને ક્રોધમાં મારું ગળું દાબવા હાથ લંબાવતા જોયા – અને હું ગભરાઈ ગયો હતો."

મહેશ દવેને મેં કહ્યું : "મારા નાના રણછોડલાલ કસ્બાતીને તેં જોયા? હું તને એમનો ફોટો બતાડીશ." ફોટો બતાવ્યો તો કહે : "આ જ."

ભીમ અગિયારશની રાત છે. અમે સહુ જીજીને વીંટળાઈને બેઠાં છીએ – હું, મારો નાનો ભાઈ અરવિંદ, મોટી, દ્વારામતી અને અવંતિકા. સગડી ઉપર એક તપેલું ચઢાવાયેલું છે અને તપેલા ઉપર ઢાંકેલી રોટલી-ભાખરી શેકવાની કઢાઈમાં બળતા કોલસા છે. અને જીજી કોઈ પણ રસિક કથાકાર કરતાં વધારે રસભરી રીતે કથા – લાંબી કથા માંડીને અમને એકધ્યાન રાખી રહેલાં છે. ક્યારેક ક્યારેક આખા દિવસનો ઉપવાસ પેટમાં ખાલીપો ઊભો કરે છે. કંઈકેટલી શેરીનાં ગલૂડિયાં અમારાં સૌ ભાઈબહેનનાં પેટમાં બોલવા માંડે છે; પણ જીજી એ ગલૂડિયાંના અવાજને કાબૂમાં રાખે છે અને અમે એકચિત્ત થઈ સાંભળીએ છીએ કે,

*હરિશ્ચંદ્ર સરખો રાજીયો*
*એને તારામતી નાર*

આવું વચ્ચે વચ્ચે એ હલકભેર ગાય અને રાજા હરિશ્ચંદ્રની, સત્યને કારણે શી શી દુઃખદ ઘટનાઓ ઘટેલી એની, વાત માંડે. એમાંય તારામતી જ્યારે રોહિતનું શબ લઈ મસાણે જાય છે અને હરિશ્ચંદ્ર સગા દીકરાને બાળવાનાં લાકડાંના પૈસા માગે છે ત્યારે...

અમે ભૂખ ભૂલી જતાં અને મારા જેવો એ સમયે બીકણ જીજીબાને પૂછતો : “જીજી, હરિશ્ચંદ્રની વહુનું નામ તારામતી હતું ને?”

તો એ પૂછે : “કેમ?”

“દ્વારામતીને આપણે કોઈ હરિશ્ચંદ્ર સાથે નહીં પરણાવીએ, હોં!”

અને ત્યારે દ્વારામતી –મારી બહેન– એનાં લગ્નની વાતથી છેડાઈ મને કેડમાં ચૂંટીઓ ભરતી.

મારાં જીજીબા અમને કોઈ રીતે બાર વાગ્યા સુધી જગાડતાં અને પછી સગડી ઉપર મૂકેલો હાંડવો બાર વાગ્યે પીરસતાં. અથાણાના તેલમાં, આખા દા’ડાનાં ભૂખ્યાં અમે, એ હાંડવો ઝાપટતાં ને ઊંઘી જતાં ઘસઘસાટ. પણ આજેય ભૂખ્યા-પેટે મને ઊંઘ નથી જ આવતી. એટલે રાત્રે ખીચડી, હેંતકના ઘી સાથે, કંઈકેટલાય વખત સુધી મને ખાવાની આદત હતી. અને પછી તો લીકરની પરમિટ...

મારાં જીજીબા એટલે ધનગૌરી રણછોડલાલ કસ્બાતી. કાગળ ઉપર પોતાના નામની સહી કરી રહે ત્યારે પોતે કેવાં હુંશિયાર છે એવી આભા મોઢે ઝળકાવે. માંડ બે ચોપડી ભણેલાં મારી નાની સાથે, મારી મા કરતાં પણ વધારે નાતો. એની પાસેથી નાનપણમાં નરસિંહ મહેતા, પ્રેમાનંદ હપતે હપતે સાંભળવા મળેલા. પુરાણ સાથેનો મારો ઘરોબો નાનપણથી જ એમણે કેળવેલો. ‘જાગને જાદવા’થી માંડી ‘નળદેવ ભીમકની સુતા, દમયંતી નામે સુંદરી’ એ કોઈ ને કોઈ કામ કરતી વખતે ગાય. પૂરી મરજાદી. નહાઈ અબોટિયાભેર રાંધે. મોહનલાલજીને આખો દા’ડો લાડ કરે – નવરાવે, ધોવરાવે, વસ્ત્રપરિધાન કરાવે, બીડું ખવરાવે, ઝુલાવે. પ્રહ્લાદવાડી ગેટ પાસે ધોળકામાં આવેલા મોહનલાલજીના મંદિરમાં અમને મંગળા કરવાય તગેડે. સુરતવાળા મહારાજશ્રી પાસે મને બ્રહ્મસંબંધ પણ લેવડાવેલો અને કંઠી પહેરાવેલી.

મારી મા એની એકની એક દીકરી, પણ બેય વચ્ચે કૂતરા-બિલાડાનું વેર. મારા નાનાને – રણછોડલાલ કસ્બાતીને પણ મારાં જીજીબા બહુ ગમતાં હશે એવું વાતો પરથી લાગતું નહોતું. પણ અમને સૌ ભાઈબહેનોને અને એમાં મને તો જીજીબા ખૂબ ખૂબ વહાલાં. એ સવાર, બપોર, સાંજ ત્રણ વાર છીંકણી દાતણથી ઘસે. એનો છીંકણીનો ડબ્બો જો ક્યારેક રમરમાવીને દોટ મૂકી ઘર બહાર જતાં મને અડફેટે આવે અથવા બાજુવાળા રાજુમાની બકરીઓ ઘરમાં બપોરે બપોરે ઘૂસીને ડબ્બાને અડફેટે લે તો આખા ઘરને છીંકો આવે. જીજીની આ છીંકણી મને ક્યારેય નહોતી ગમતી, આમ છતાં એને વહાલ ઊભરાય ત્યારે મને બચી કરી લે અને ત્યારે મારા ગાલે છીંકણી લાગેલી જ હોય.

એનું પિયર શિનોર. મિયાંગામ થઈ ટ્રેનમાં બેસીને દર વૅકેશને અમને એને પિયર લઈ જતી. નર્મદામાં નાહવાની, પનાઈમાં બેસીને ચાણોદ જવાની બહુ મજા પડતી. સવાર થાય ને અમે એટલે મારા મામા અને માશીના છોકરા ઓવારાનાં પગથિયાં કૂદતાં કૂદતાં નર્મદામાં ભૂસકા મારતા. જો કે મને નાનપણથી ઊંડા પાણીમાં જવાનું અને તરવાનું વાણિયાગતભર્યું ન લાગે. હું તરતાં શીખ્યો જ નહીં અને સહેજ ઉંમરલાયક થયો અને જાણ્યું કે દ, ચ, ઝ એ મારી નામ-રાશિ મીન છે એટલે પાણીની ઘાત આવા જાતકને હોય એમ જાતે જ નક્કી કરી તર્યો જ નહીં.

તરતાં નહોતો શીખ્યો એટલે તો આજ સુધી હું ડૂબ્યો નહીં.

મારાં Bibliographyનાં પિયરિયાંમાં એક કપિલામાશી, અનિરુદ્ધમામા તથા કંઈકેટલાં, પણ એમાં મામાનો ગોવિંદ અને માશીનો ગોવિંદ બંને બહુ ગમે. કપિલામાશીના ઇંદુભાઈ અમારા સૌના આઇડિયલ અને શિનોરમાં નદીને કારણે ઘણા હિંદુઓ શ્રાદ્ધ માટે આવે એટલે અમારા નદીકાંઠે આવેલા મોસાળનાં કેટલાંક ઘરોમાં ભૂત વસવાની વાયકાઓ પણ ધ્રુજાવતી છતાં એ ધ્રુજારી ગમતી. એક ભૂતડી તો વહેલી સવારે જાગે ત્યારે રહેનારા માટે ભોજન તૈયાર કરી દેતી; કોઈ વળી પહેલે પગથિયેથી ધક્કો દેતી તો કોક આખું ઘર વિષ્ટાથી ભરી દેતી. આવી વાતો સાંભળવા મળેલી પણ સીધો અનુભવ ક્યારેય નહીં. હા, હું ને મારો નાનો ભાઈ અરવિંદ ધોળકા પોટલિયા તળાવની પાસે આવેલા પીપળા પર રાત્રે ભૂત થાય છે, એ વાયકાને આધારે એક રાત્રે ચપ્પુ લઈ પહોંચી ગયા હતા. અરવિંદે ચપ્પુ લેવડાવેલું. એ કહે, “ભૂત આવે અને એની ચોટલી કાપી લઈ આપણા સાથળમાં દાબી દઈએ તો આપણે કહીએ એમ ભૂત આખો જન્મારો કરે.” પણ જીજીએ અમારું આ પરાક્રમ જ્યારે જાણેલું ત્યારે ધીબી નાખેલા.

જીજી મરજાદી એટલે એક વાર મારી એસ. એચ. હાઈસ્કૂલનો એક વિદ્યાર્થી ઘેર આવ્યો અને પછી એણે જ્યારે જાણ્યું કે એ તો હરિજનોના ગોરનો દીકરો હતો ત્યારે આખા ઘરને અબોટ દીધેલો. પણ એ જ મારાં જીજી પાલડીના ઘેર, પાછળ નરસિંહ મહેતા ભગત છાત્રાલયમાંથી આવતા મનહર ચરાડવાને ચા પિવરાવતાં. સમય મુજબ એય બદલાયાં. આમ છતાં એમને પણ સમયે ન છોડ્યાં અને એ છેવટે શિનોર જઈ દેહ છોડે છે. મારાં જીજીબાને મેં મારી રચના ‘બાહુક’ અર્પણ કરી જીવતાં રાખ્યાં.